અપીલ અરજી નં.૩૦૫ તા.૨૨–૧–૦૯

અરજદાર: શ્રી સૈયદ સાબીર અલી
સામાવાળા: ઈ.ચા. ચીફ પ્રોજેકટ ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી (યુસીડી)

## ફરીયાદની હકીકત:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સૈયદ સાબીર અલીની તા.૨૨–૧૨–૦૮ ની અરજીથી યુસીડીની પ્રવૃતિ તથા સુરત શહેરમાં ચાલતા કેન્દ્રોની સંખ્યા , કઈ કઈ જગ્યાએ ચાલે છે વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૧–'૦૯ ની અપીલ અરજી નં.૩૦૫/૨૦૦૮–૦૯

શ્રી સૈયદ સાબિર અલીની તા.૨૨–૧૨–૦૮ ની અરજીથી યુસીડીની પ્રવૃતિ તથા સુરત શહેરમાં ચાલતા કેન્દ્રોની સંખ્યા , કઈ કઈ જગ્યાએ ચાલે છે વિગેરેની મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રત્યુત્તર મળેલ ન હોવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,ફી ભર્યાનો આધાર કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૨૩ તા.૨૯–૧–૦૯ થી આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને નં.યુસીડી/૧૫૨૦ તા.૩૦–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જે અનુસાર મ. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પ્રોજેકટ ઓફિસરના પત્ર નં.યુસીડી/૧૫૧૯ તા.૩૦–૧–૦૯ થી મુદ્દાવાર માહિતી અરજદારને પુરી પાડયાનું જણાય છે. જે લગભગ દિન–૧૦ ના વિલંબથી આપેલ હોવા છતાં અરજદારને મંડળના સરનામાં તથા ફાળવેલ ગ્રાન્ટની વિગત માટે પ્રતિપેજ રૂ.૨/– ફી ભરવા જણાવેલ છે. પરંતુ ફી ભરવા નિયત નમુના 'ગ' માં પાનાની સંખ્યા જણાવેલ નથી. કલમ–૭(૬) હેઠળ નિયત સમય અવધિ બાદ વિના મુલ્યે માહિતી આપવાની રહે.

અરજદારની તા.૨૨–૧૧–૦૮ ની અરજી સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૧૧૩૯ તા.૨૩–૧૨–૦૮ થી ઈ.ચા.ચીફ પ્રોજેકટ ઓફિસરને તબદીલ કરવામાં આવેલ. (૧) સુરત શહેર વિસ્તારમાં નગર સમુદાય વિકાસની પ્રવૃતિ કયારથી શરૂ થયેલ તારીખ મહીનો વર્ષ સહિતની માહિતી,(૨) હાલમાં સુરત શહેર વિસ્તારમાં યુસીડીના કુલ કેટલા કેન્દ્રો કઈ કઈ જગ્યાએ (વોર્ડ નંબર, ઘર નંબર, સરનામું) સ્થાનિક મંડળો ધ્વારા લાભાર્થીદીઠ કેટલી ફી માસિક/વાર્ષિક કોર્ષ દીઠ કઈ કઈ પ્રવૃતિઓ શીખવાડાય છે તે મંડળોના સભાસદો, હોદ્દેદારો ધ્વારા ગ્રહણ કર્યાની (તારીખ મહીનો વર્ષ), તે મંડળોને ચુકવાતી કેન્દ્ર/રાજય/સુરત મહાનગરપાલિકા વર્ષ ૨૦૦૧ થી ૨૦૦૮–૦૯ ગ્રાન્ટ સહિતની સંપુર્ણ માહિતી(૩) સેન્ટ્રલ ઝોનમાં ભાડાના મકાનમાં ચાલતાં યુસીડી કેન્દ્રો ધ્વારા તેમના માલિક સાથે કરેલા ભાડા કરારો,લેખો, સમતિપત્રો તેમને ચુકવવાનું વાર્ષિક/માસિક ભાડુ મળ્યાની પહોંચ , કયારથી મકાન ભાડે રાખેલ છે તેની તારીખ, મહિનો, વર્ષ સહિતની સપુર્ણ માહિતી (રેકર્ડની પ્રમાણિત નકલ સાથે ) ની માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૧ અને ૩ ની માહિતી પુરી પાડવામાં આવેલ છે જે મુજબ મુદ્દા નં.૨ માં સુરત શહેરમાં હાલમાં કુલ ૨૭ જેટલા કેન્દ્રો કાર્યરત છે તથા સ્થાનીક મંડળો ધ્વારા ચલાવવામાં આવતી પ્રવુતિઓ અંગે લોક ફાળો લેવામાં આવેલ છે જે મંડળના ભંડોળ તરીકે જમાં રહે છે અને પ્રવૃતિ ખર્ચ પેટે ઉપયોગ કરવામાં આવે છે. તેનો સમગ્ર વહીવટ મંડળના હોદ્દેદારો ધ્વારા કરવામાં આવે છે. જે અંશતઃ માહિતી પુરી પડાયેલ છે. મુદ્દા નં.૨ માં યુસીડી કેન્દ્રના સરનામાંની વિગતો તેમજ મંડળોની ૨૦૦૧ થી ૨૦૦૮–૦૯ ની ફાળવેલ ગ્રાન્ટ અંગેની પેઈજ દીઠ રૂા.૨/– જમાં કરાવ્યેથી માહિતી પુરી પાડવામાં આવશે તેવું જણાવેલ છે. અરજદાર તરફથી માહિતી મેળવી છે કે કેમ તે અંગેની કોઈ વિગતો મળેલ નથી. મુદ્દા નં.૧ અને ૩ અંગે અનુક્રમે હકીકતલક્ષી માહિતી કેન્દ્ર શરૂ થયાની તારીખની તેમજ સેન્ટ્રલ ઝોન ખાતે ભાડાના મકાનમાં કેન્દ્ર નહીં હોવાનું જણાવેલ છે પરંતુ મંડળની પ્રવૃતિ અને મંડળની વિગતો પુરી પાડેલ નથી. જાહેર માહિતી અધિકારી યુસીડી ધ્વારા જો મંડળને ગ્રાન્ટ અપાતી હોય તે મહદઅંશે હોય તો મંડળ જાહેર સત્તા મંડળના વ્યાપમાં આવે અને તેથી અરજી તેટલા પુરતી તેમને તબદીલ કરવી જોઈએ તેવું કર્યાનું જણાતું નથી. વિકલ્પે યુસીડી કક્ષાએ દફતર પર આવી માહિતી હોય તો તે પુરી પાડવાની રહે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પુરી પડાયેલ મુદ્દા નં.૨ ની કેન્દ્રની સંખ્યા સિવાયની તમામ માહિતી અરજદારને આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પુરી પાડવા ઈ.ચા. ચીફ પ્રોજેકટ ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી (યુસીડી) ને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧ ઈ.ચા. ચીફ પ્રોજેકટ ઓફિસર અને મ.જાહેર માહિતી અધિકારી (યુસીડી) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સૈયદ સાબીર અલી,